જિલ્લા શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા
કેળવણી નિરિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર
ધોરણ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨
(બઢતીનું) મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક- પીઆરઇ/૧૪૦૯/સીસી/૧૪૨/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૨૫/૦૩/૨૦૧૫

**વંચાણમાં લીધા :-**

(૧) નાણાં વિભાગનો તા. ૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક-પગર/૧૧૯૪/૪૪/મ
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૭/૧૨/૧૧ પત્ર ક્રમાંક-પીઆરઇ/૧૪૦૯/સીસી-૧૪૨/પાર્ટફાઇલ/ક
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૮/૪/૨૦૦૯ નો પત્ર ક્રમાંક-પીઆરઇ/૧૪૦૯/સીસી-૧૪૨/પાર્ટ ફાઇલ/ક
(૪) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ ના તા. ૨૪/૪/૧૯૬૯ ના ભરતી નિયમો
(૫) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૬/૯/૧૯૭૪ ના જાહેરનામા ક્રમાંક-કેપી/૨૦૭/પીઆરઆર/૭૪/થ
(૬) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૨/૭/૧૯૯૬ ના જાહેરનામા ક્રમાંક-કેપી/૪૭/પીએસ.આર/૧૨૯૪/૫૭૨/૧૦-૧૩/ડી.
(૭) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૭/૦૯/૨૦૦૪ પરિપત્ર ક્રમાંક-પગર/૧૦૯૨/૭૪૫/ઝ
(૮) નાણાં વિભાગનો તા. ૨૧/૦૨/૨૦૧૧નો પત્ર ક્રમાંક-પગર/૧૦૨૦૦૯/યુઓઆર-૧૭૧/મ

**આ મુ ખ ::-**

નાણાં વિભાગના તારીખ ૧૬/૮/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક-પગર/૧૧૯૪/૪૪/મ થી રાજયના જુદા જુદા જીલ્લાના જિલ્લા શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા કેળવણી નિરિક્ષકોને ૯, ૧૮ અને ૨૭ નું ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું ઠરાવેલ છે. જે અન્વયે રાજયમાં હાલ ફરજ બજાવતા અને નિવૃત્ત થયેલા કેળવણી નિરિક્ષકોને સક્ષમ અધિકારીશ્રી ધ્વારા પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ નું બઢતીનું પગાર ધોરણ પાંચમા પગાર પંચ મુજબ રુા. ૬૫૦૦-૨૦૦-૧૦,૫૦૦/- મંજુર કરવામાં આવેલ છે અને જેને લોકલ ફંડ ઓડીટની કચેરી ધ્વારા ચકાસણી કરીને વેરીફીકેશન પણ કરી આપવામાં આવેલ છે.

૨/- વંચાણે લીધેલ આ વિભાગના ક્રમાંક-(૨) અને (૩) ના પત્રોથી બઢતીના પગાર ધોરણને બદલે રુા. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ નું પગાર ધોરણ, પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજુર કરવા સુચનાઓ આપવામાં આવેલ છે જે અન્વયે ગુજરાત રાજય કેળવણી નિરીક્ષક સંઘે આધાર સહ રજુઆત કરેલ હતી જે આધારો ધ્યાને લઇને તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(૧) થી (૭) તથા નાણાં વિભાગની મળેલ અનુમતી અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા કેળવણી નિરિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રુા. ૬૫૦૦-૨૦૦-૧૦,૫૦૦ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ (બઢતીનું) મંજુર કરવા બાબત વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે કેળવણી નિરિક્ષક સંવર્ગને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ ::-**

ગુજરાત રાજયની જિલ્લા શિક્ષણ સમિતિઓમાં ફરજ બજાવતા કેળવણી નિરિક્ષકોને આથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ નું બઢતીનું પગાર ધોરણ રુા. ૬૫૦૦-૨૦૦-૧૦,૫૦૦/- મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે જે કેળવણી નિરિક્ષકો નિવૃત્ત થઇ ગયેલ છે તેમના

પેન્શન કેસ આ પગાર ધોરણમાં મંજુર કરવાના રહે છે. તેમજ જે કેળવણી નિરિક્ષકો નિવૃત્ત થઇ ગયેલ છે તેમને ખાતાકીય પરીક્ષામાંથી મુકિત આપવાની રહેશે. અને જે કેળવણી નિરિક્ષકોને રુા. ૬૫૦૦-૨૦૦-૧૦,૫૦૦ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ નથી તેઓના કેસો પણ આ પગાર ધોરણ પ્રમાણે નિયત ધારાધોરણ મુજબ મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨/- શિક્ષણ વિભાગના તારીખ ૮/૪/૨૦૦૯ અને તા. ૧૭/૧૨/૧૧ના પત્રથી આપવામાં આવેલ સુચનાઓ આથી રદ કરવામાં આવે છે.

૩/- આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તારીખ-૧૯/૦૩/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ. એમ. મિસ્ત્રી )
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- સિલેક્ટ ફાઇલ/ નાયબ સેકરન અધિકારી સિલેકટ ફાઇલ.

નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.